EDII

Divybhaskar

(Citybhaskar)
July 1, 2018
Pg.1

## EDII કોન્વોકેશનમાં અનિલ ગુપ્તાએ કહ્યું

# આપણે નોલેજ તો ડાઉનલોડ કરીએ પરંતુ અપલોડ નથી કરતા



સિટી રિપોર્ટર
cbamdavad@gmail.com

EDIIનો 19મો પદવીદાન સમારોહ કોલેજ કેમ્પસ ખાતે યોજાયો હતો. કોન્વોકેશનમાં બી.ઈ.ના 70, ડી.એસ.ના 16 અને એક ફેલો પ્રોગ્રામ સહિત કુલ 87 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી. જેમાંથી 3 સ્ટુડન્ટને ગોલ્ડ તેમજ 3 વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ એનાયત કરાયા હતા. આ દરમિયાન મુખ્ય મહેમાન પદે હાજર રહેલાં પદ્મશ્રી પ્રોફેસર અનિલ ગુપ્તાએ કહ્યું હતું કે, 'ભારતમાં ઈનોવેશનની સાથે ઉદ્યોગ સાહસિકતા વધી રહી છે. પરંતુ આ ઉદ્યોગસાહસિકતા ત્યારે જ આગળ વધશે જ્યારે આપણે જાણેલું બીજાને જાણવા મળે કેમકે આપણે નોલેજ તો ડાઉનલોડ કરીએ છીએ પરંતુ અપલોડ નથી કરતા. આપણે સ્મોલ આંત્રપ્રિન્યોશિપને પણ આગળ લાવવા પડશે કેમકે, ઈનોવેશન એ સમસ્યાથી પેદા થાય છે. જેને આપણે અંતરીયાળ વિસ્તારમાંથી પણ શોધવી પડશે.'